# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૭ તા.૨૬-૧૧-૨૦૨૦

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માટે જાહેર કરેલ રજાઓમાં ફેરફાર બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે દિવાળી વેકેશન તા.૨૯-૧૦-૨૦૨૦ થી તા૧૮-૧૧-૨૦૨૦ સુધી નિયત કરેલ હતું. આ દરમ્યાન તા.૩૦-૧૦-૨૦૨૦ ના રોજ ઈદે-મિલાદ તથા તા.૩૧-૧૦-૨૦૨૦ના રોજ સરદાર પટેલ જયંતીની રજા અગાઉ જાહેર કરેલ હતી. જે રજા દિવાળી વેકેશન દરમ્યાન આવેલ હોઈ તેની જગ્યાએ તા.૩૦-૧૧-૨૦૨૦ ના રોજ ગુરૂનાનક જયંતી અને દેવદિવાળીની અને તા.૨૬-૧૨-૨૦૨૦ના રોજ બોકસીંગ ડે ની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવે છે.

નોંધ :- આ બંને રજાના દિવસોએ કોવિડ-૧૯ અંતર્ગત ફરજ બજાવતા તમામ શિક્ષકોની કોવિડ અંતર્ગતની ફરજ ચાલુ રહેશે.

તા.૨૬-૧૧-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં.૮૭- A તા.૨૬-૧૧-૨૦૨૦

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વિજ્ઞાન,ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૦-૨૧ બાબત.

સંદર્ભ :- ક્રમાંક ડાયેટ/તાલીમ/૨૦૨૦-૨૦૨૧/૨૫૮૦-૮૪ તા.૨૬-૧૧-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે એનસીઈઆરટી, નવી દિલ્હી તરફથી આ વર્ષે પણ ગણિત,વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૦-૨૧નું આયોજન કરવા જણાવવામાં આવે છે. જેના વિષયો અને પેટા વિષયો આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં જણાવેલ છે. જે શાળાઓ ભાગ લેવા માંગતી હોય તેમને આ અંગેની તૈયારી કરવાની રહેશે.

મોડેલ્સ તૈયાર કરવા માટેની વિગતવાર માર્ગદર્શિકા અને આયોજન અંગે હવે પછી જણાવવામાં આવશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૬-૧૧-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

સત્યમેવ જયતે
Govt. of Gujarat

પ્રાચાર્ય

ક્રમાંકઃ ડાયેટ/તાલીમ/૨૦૨૦-૨૦૨૧/૨૫૮૦-૮૪
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર
ગોતા- ઓગણજ રોડ,ગોતા ચોકડી પાસે, ગોતા,
અમદાવાદ -૩૮૦૦૬૦
ફોન / ફેકસઃ (૦૭૯) ૨૯૭૯૬૭૫૫
ઇ-મેઇલઃ diet-urban-ahd@gujarat.gov.in, Web : www.dietahmdcity.org
તારીખઃ૨૬/૧૧/૨૦૨૦

---

પ્રતિ,

**૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
અમદાવાદ-શહેર
અમદાવાદ.

**૨. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**
જિલ્લા શિક્ષણ સમિતિ,
અમદાવાદ.

**૩. શાસનાધિકારીશ્રી,**
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
અમદાવાદ.

વિષયઃ- **વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૦-૨૧ બાબત.**

**સંદર્ભ:-. જીસીઈઆરટી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: જીસીઈઆરટી/Science/૧૬૦૯૭-૧૨૨ તા.૨૬/૧૧/૨૦૨૦ નો પત્ર**

**શ્રીમાન,**

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અનુસંધાને જણાવવાનું કે, NCERT New Delhi તરફથી મુખ્ય વિષય અને પેટા વિષયના નામ મોકલેલ છે. જે પત્ર આપને મોકલીએ છીએ. જે સમયસર શાળાઓને જાણ કરવા વિનંતી.

પ્રાચાર્ય
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**અમદાવાદ-શહેર**

બિડાણ: **સંદર્ભ પત્ર**

**નકલ સવિનય રવાના જાણ સારૂ.**

- માન.સચિવશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર.

ક્રમાંક : જીસીઈઆરટી/ Science/16097-122
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : 26-11-2020

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

**વિષય : વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન 2020-21 બાબત**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે NCERT, New Delhi તરફથી મળેલ સુચના અન્વયે આ વર્ષે પણ વિજ્ઞાન ગણિત પ્રદર્શનનું આયોજન કરવાનું થાય છે. આ સંદર્ભે NCERT, New Delhi તરફથી મુખ્ય વિષય અને પેટા વિષયના નામ મળેલ છે. જે આપને આ સાથે જણાવવામાં આવે છે. **મોડેલ્સ તૈયાર કરવા માટેની વિગતવાર માર્ગદર્શિકા અને આયોજન અંગે હવે પછી જાણ કરવામાં આવશે.** આ વિષયો અંગેની જાણ આપની કક્ષાએથી તમામ શાળાઓને કરવા જરૂરી કાર્યવાહી કરશો. જીવન શિક્ષણ અને માધ્યમિક શિક્ષક પરીક્ષણ અંકમાં પણ આ વિષયો અંગેની વિગતવાર માહિતી આપવામાં આવશે. આપના ડાયટની વેબસાઇટ પર આ માહિતી મુકવા અને તે અંગેની જાણ તમામને થાય તે રીતે આયોજન કરવા વિનંતી.

**Theme:- "Technology and Toys"**

**Sub-themes:-**

1. Eco Friendly Material
2. Health, Hygiene and Cleanliness
3. Interactive Software
4. Historical Development
5. Mathematical Modelling

**(Note: Sub-themes listed above are suggestive. Students may also develop innovative models on any other sub-theme, pertaining to the main theme-Technology and Toys).**

**Topic for one day seminar:-**

**"Implementation of Science and Technology in Daily Life"**

સચિવ,
જીસીઇઆરટી, ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ :

- નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ ( આ પત્રની નકલ સંબધિત કચેરીમાં આપવા વિનંતિ.)